**આપણો રોજીંદો આહાર તૈયાર કરવા માટે કેટલું પાણી જોઈએ છીએ ?**

આપણે જે કઈ પણ ખાઈએ છીએ તે દરેક ચીજ તૈયાર કરવા માટે પાણીની જરૂર પડે છે. આ પાણી કાં તો કુદરત ધ્વારા વરસાદના સ્વરૂપે પૂરું પાડવામાં આવે છે અથવા મનુષ્ય ધ્વારા તૈયાર કરતી વખતે ઉમેરવામાં આવે છે.

| આહારની બાબત | જથ્થો | પાણીનો વપરાશ લીટરમાં |
|---|---|---|
| બદામ | ૧૦૦ ગ્રામ | ૧૫૦ |
| સફરજનનો રસ | ૧ ગ્લાસ (૦.૨ લીટર) | ૧૯૦ |
| કેળું | ૧૦૦ ગ્રામ | ૨૦૦ |
| ચીઝ સેન્ડવીચ | ૧ નંગ | ૯૦ |
| ચોકલેટ | ૧૦૦ ગ્રામ | ૨૨૫ |
| ઈંડું | ૧ નંગ | ૨૫૦ |
| લીંબુ | ૧૦૦ ગ્રામ | ૧૦૦ |
| દૂધ | ૧૦૦ મિલીલીટર | ૧૦૦ |
| સંતરું | ૧ નંગ મધ્યમ | ૪૯ |
| બટાકા | ૧૦૦ ગ્રામ | ૨૧ |
| બટાકાની કાતરી | ૧૦૦ ગ્રામ | ૯૩ |
| ભાત | ૧૦૦ ગ્રામ | ૫૦૦ |
| રોટલી | ૧ નંગ | ૨૮ |
| ખાંડ | ૧ ચમચો | ૨૭ |
| ચા / કોફી | ૧ કપ | ૧૪૦ |
| ટામેટા | ૧ નંગ નાનું | ૩૦ |
| ટામેટાનો સોસ | ૧૦૦ મિલીલીટર | ૪૯ |
| શાકભાજી | ૧૦૦ ગ્રામ | ૧૮ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૧૦૦ ગ્રામ | ૭૫ |
| તડબુચ | ૧ નંગ મધ્યમ | ૪૦૦ |

# **જળ વિશે આપ કેટલું જાણો છો?**

૧. જળ એ પૃથ્વી ઉપર કુદરતી રીતે ત્રણ સ્વરૂપે મળી આવતો એક જ પદાર્થ છે?

- સાચું , ઘન, પ્રવાહી અને વાયુ.

૨. શું જળ પૃથ્વીનું તાપમાન નિયંત્રિત કરે છે?

હા, તે કુદરતી રીતે અવાહક છે.

૩. પાણી કયા તાપમાને થીજી જાય છે?

૩૨ ડીગ્રી ફેરનહીટ, ૦ અંશ સેન્ટીગ્રેડ.

૪. કયા તાપમાને પાણીનું બાષ્પીભવન થાય છે?

૨૧૨ ડીગ્રી ફેરનહીટ, ૧૦૦ અંશ સેન્ટીગ્રેડ.

૫. માણસ ખોરાક વગર કેટલું જીવી શકે છે?

મહીનાથી વધારે.

- પાણી વગર કેટલું જીવી શકે?

આશરે એક સપ્તાહ.

૬ માનુષ્યના શરીરમાં પાણી કેટલા ટકા છે?

૬૬ ટકા.

૭. પૃથ્વીની સપાટીના કેટલા ટકા પાણી છે?

૮૦ ટકા.

૮. તંદુરસ્તી જાળવવા માટે વ્યક્તિએ રોજ કેટલું પાણી પીવું જોઇએ?

તમામ સ્ત્રોતોમાંથી (એટલે કે પાણી, ખોરાક વગેરે) મળીને ૮ પ્યાલા.

૯. પૃથ્વી પર મળતા પાણી પૈકી સમુદ્રનો કેટલો હિસ્સો છે?

૯૭ ટકા.

૧૦. પૃથ્વીનું કેટલા ટકા પાણી થીજેલું હોવાથી વપરાશપાત્ર નથી?

૨ ટકા.

૧૧. પૃથ્વી ઉપરનું કેટલું પાણી પીવા લાયક છે?

એક ટકો.

૧૨. ડાયનોસોર યુગના વખતનું પાણી પીવાનું શું મારે માટે શકય છે?

હા, પાણી સતત રીસાઇકલ થતું રહે છે.

૧૩. પૃથ્વી પર સૌથી સામાન્ય રીતે મળી આવતો પદાર્થ કયો?

પાણી.

૧૪. આપણા રાજયમાં પાણી વહન કરવા માટે કેટલા કિલોમીટરની પાઇપલાઇનો અને નહેરો બાંધવામાં આવી છે?

આશરે ૪૫,૦૦૦ કિલોમીટર , બીજા શબ્દોમાં કહીએ તો પૃથ્વી ફરતે એકવાર પ્રદક્ષિણા કરી શકાય તેટલી અથવા તો ૧૫ વખત કાશ્મીરથી અમદાવાદ પાછા આવીએ તેટલી.

૧૫. જળ સંગ્રહની દ્રષ્ટિએ રાજયનો સૌથી મોટો ડેમ કયો?

ઉકાઇ.

૧૬. રાજયનો સૌથી ઉંચો ડેમ કયો?

સરદાર સરોવર.

૧૭. સંડાસ ફલશ કરવા માટે કેટલું પાણી વપરાય છે?

૩ થી ૧૪ લિટર.

૧૮. સરેરાશ પાંચ મીનીટર ફુવારાથી સ્નાન કરવામાં કેટલું પાણી વપરાઇ જાય છે?

૮૦ થી ૧૦૦ લિટર.

૧૯. વાશીંગ મશીનમાં કપડાં ધોવામાં સરેરાશ કેટલું પાણી વપરાય છે?

૧૫૨ લિટર

૨૦. વાસણ હાથથી સાફ કરવામાં સરેરાશ કેટલું પાણી વપરાય છે?

૩૬ થી ૮૦ લિટર.